بسم الله الرحمن الرحيم

કુર્આનની સર્વગ્રાહી તફસીર (વિવરણ)

મઆરિફુલ કુર્આન

ગુજરાતી

મૂળ લેખક હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ સા. (રહ.)

અનુવાદક ઈલ્યાસ ગુલામમુહમ્મદ આદમ સાલેહ પટેલ (ખાનપુરી)

www.maarifulqurangujarati.com

[મઆરિફુલ કુર્આન ગુજરાતીમાંથી : ભાગ-૪, પેજ : ૪૬૪ થી ૪૭૮, સૂરએ અઅ્રાફ : ૭૩ થી ૭૯]



હઝરત સાલિહ (અલૈ.) અને ઊંટણીનો મોઅ્જિઝો

હઝરત સાલિહ (અલૈ.) અને

ઊંટણીનો મોઅ્જિઝો

સૂરએ અઅ્રાફ : આયત નં. ૭૩ થી ૭૬

وَاِلٰى ثَمُوْدَ اَخَاهُمْ صٰلِحًا ۘ قَالَ يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ مِّنْ اِلٰهٍ غَيْرُهٗ ؕ قَدْ جَآءَتْكُمْ
بَيِّنَةٌ مِّنْ رَّبِّكُمْ ؕ هٰذِهٖ نَاقَةُ اللّٰهِ لَكُمْ اٰيَةً فَذَرُوْهَا تَاْكُلْ فِيْٓ اَرْضِ اللّٰهِ وَلَا
تَمَسُّوْهَا بِسُوْٓءٍ فَيَاْخُذَكُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿۷۳﴾ وَاذْكُرُوْٓا اِذْ جَعَلَكُمْ خُلَفَآءَ مِنْۢ بَعْدِ عَادٍ وَّبَوَّ
اَكُمْ فِي الْاَرْضِ تَتَّخِذُوْنَ مِنْ سُهُوْلِهَا قُصُوْرًا وَّتَنْحِتُوْنَ الْجِبَالَ بُيُوْتًا ۚ فَاذْكُرُوْٓا
اٰلَآءَ اللّٰهِ وَلَا تَعْثَوْا فِي الْاَرْضِ مُفْسِدِيْنَ ﴿۷۴﴾ قَالَ الْمَلَاُ الَّذِيْنَ اسْتَكْبَرُوْا مِنْ قَوْمِهٖ
لِلَّذِيْنَ اسْتُضْعِفُوْا لِمَنْ اٰمَنَ مِنْهُمْ اَتَعْلَمُوْنَ اَنَّ صٰلِحًا مُّرْسَلٌ مِّنْ رَّبِّهٖ ؕ
قَالُوْٓا اِنَّا بِمَآ اُرْسِلَ بِهٖ مُؤْمِنُوْنَ ﴿۷۵﴾ قَالَ الَّذِيْنَ اسْتَكْبَرُوْٓا اِنَّا بِالَّذِيْٓ اٰمَنْتُمْ
بِهٖ كٰفِرُوْنَ ﴿۷۶﴾

તરજુમો :

અને ષમૂદ તરફ તેમના ભાઈ સાલિહ (અલૈ.)ને મોકલ્યા, બોલ્યા; હે મારી કોમ ! અલ્લાહની બંદગી કરો તેના સિવાય કોઈ તમારો મઅ્બૂદ નથી, તમને તમારા પરવરદિગાર તરફથી દલીલ પહોંચી ચૂકી છે, આ અલ્લાહની ઊંટણી છે તમારા માટે નિશાની, બસ તેને છોડી દો કે અલ્લાહની ભૂમિમાં ખાય અને તેને બુરી રીતે હાથ ન લગાવો (નહિતર) પછી તમને દર્દનાક અઝાબ પકડશે. (૭૩) અને યાદ કરો જ્યારે કે તમને આદ પછી સરદાર બનાવી દીધા અને તમને જમીનમાં ઠેકાણું આપ્યું કે નરમ જમીનમાં મહેલ બનાવો છો અને પહાડોના ઘર કોતરો છો, બસ અલ્લાહના અહેસાન યાદ

કરો અને જમીનમાં ફસાદ મચાવતા ન ફરો. (૭૪) તેમની કોમમાં જે ઘમંડી સરદાર હતા ગરીબ લોકોને કહેવા લાગ્યા કે જેઓ તેમનામાં ઈમાન લાવી ચૂક્યા હતા, શું તમને યકીન છે કે સાલિહ (અલૈ.)ને તેના પરવરદિગારે મોકલ્યો છે ? બોલ્યા, અમને તો તેઓ જે લઈને આવ્યા છે તેના ઉપર યકીન છે. (૭૫) કહેવા લાગ્યા તે લોકો જેઓ ઘમંડી હતા, જેના ઉપર તમને યકીન છે અમે તેને નથી માનતા. (૭૬)

તફસીર :

અને કોમે ષમૂદ તરફ તેમના ભાઈ (હઝરત) સાલિહ (અલૈ.)ને (પયગમ્બર બનાવીને) મોકલ્યા, તેમણે (પોતાની કોમને) કહ્યું, હે મારી કોમ ! તમે (ફક્ત) અલ્લાહ તઆલાની ઈબાદત કરો તેના સિવાય કોઈ તમારો મઅ્બૂદ (હોવાના પાત્ર) નથી, (તેમણે એક ખાસ મોઅ્જિઝાની દરખાસ્ત કરી કે, આ પથ્થરમાંથી એક ઊંટણી પેદા થાય તો અમે ઈમાન લાવીએ, આથી હઝરત સાલિહ અલૈ.એ દુઆ કરી તો અલ્લાહ તઆલાએ એવું જ કર્યું કે તે પથ્થર ફાટયો અને તેમાંથી એક મોટી ઊંટણી નીકળી. *–રવાહુ મુહમ્મદ બિન ઈસ્હાક* –હઝરત સાલિહ અલૈ.એ ફરમાવ્યું કે) તમારી પાસે તમારા પરવરદિગાર તરફથી (મારા રસૂલ હોવાની) એક સ્પષ્ટ દલીલ આવી ચૂકી છે; (આગળ તેનું વર્ણન છે) આ ઊંટણી છે, જે અલ્લાહની તમારા માટે દલીલ (બનાવીને જાહેર કરવામાં આવી) છે (અને તે એટલા માટે અલ્લાહની ઊંટણી કહેવાઈ કે તે અલ્લાહની દલીલ છે) બસ (તદુપરાંત મારી રિસાલત ઉપર પોતે પણ દલીલ છે, તેના પણ અમુક હકો આ પ્રમાણે છે કે) તેને છોડી દો અલ્લાહની જમીનમાં (ઘાસચારો) ખાતી ફરે (એ જ પ્રમાણે પોતાનો વારો હોય તે દિવસે પાણી પીતી રહે, જેમકે બીજી આયતમાં છે) અને તેને બુરાઈ (અને તકલીફ આપવા)ની સાથે હાથ પણ ન લગાવો નહિતર તમને દર્દનાક અઝાબ પકડી લેશે અને (હે કોમ) તમે તે પરિસ્થિતિને યાદ કરો (અને યાદ કરીને અહેસાન માનો અને આજ્ઞાપાલન કરો) કે અલ્લાહ તઆલાએ તમને (કોમે) આદ પછી (પૃથ્વી પટ ઉપર) આબાદ કર્યા અને તમને જમીન ઉપર રહેવાનું (ઉત્તમ) ઠેકાણું આપ્યું કે નરમ જમીન ઉપર (પણ મોટા–મોટા) મહેલ બનાવો છો અને પહાડોને કોતરી–કોતરીને તેમાં (પણ) ઘર બનાવો છો, બસ અલ્લાહ તઆલાની (તે) નેઅ્મતોને (અને અન્ય નેઅ્મતોને

www.maarifulquranegujarati.com Writer: Hazrat Maulana Mufti Muhammed Shafi Saheb (R.A.) Translator: Ivan Patel (Kharoudi) Publisher: Hazrat Maulana Ismail Bhuta Saheb Mohtameem: Jamiatul Banaat Tankaria

પણ) યાદ કરો (અને કુફ્ર અને શિર્ક દ્વારા) જમીન ઉપર ફસાદ ન ફેલાવો (અને ઈમાન લઈ આવો, પરંતુ આ પ્રકારની વિનંતીથી અમુક ગરીબ લોકો ઈમાન લાવ્યા હતા તે અને તેમના માલદારોમાં પરસ્પર એવી વાતચીત થઈ, એટલે કે) તેમની કોમમાં જેઓ ઘમંડી સરદારો હતા તેમણે ગરીબ લોકોને કે જેઓ તેમનામાંથી ઈમાન લઈ આવ્યા હતા, પૂછ્યું કે શું તમને એ વાતનું યકીન છે કે સાલિહ (અલૈ.) પોતાના પરવરદિગાર તરફથી (પયગમ્બર બનાવીને) મોકલવામાં આવ્યા છે ? તેમણે (જવાબમાં) કહ્યું કે, બેશક ! અમે તો એ (હુકમ) ઉપર સંપૂર્ણ યકીન રાખીએ છીએ જે તેમને આપીને મોકલવામાં આવ્યા છે, તે ઘમંડી લોકો કહેવા લાગ્યા કે તમે જે વસ્તુઓ ઉપર યકીન લાવ્યા છો અમે તો તેના ઈન્કારી છીએ.

વિસ્તૃત તફસીર :

આ આયતોમાં હઝરત સાલિહ (અલૈ.) અને તેમની કૌમ ષમૂદની હાલતનું વર્ણન છે જેમકે, આ અગાઉ કૌમે નૂહ (અલૈ.) અને કૌમે હૂદ (અલૈ.)નું વર્ણન આવી ચૂક્યું છે અને સૂરએ અઅ્રાફના અંત સુધી પણ પાછલા અંબિયા (અલૈ.) અને તેમની કૌમોનો અહેવાલ તથા અંબિયા (અલૈ.)ની હક્કની દા'વત ઉપર તેમની કૌમના કુફ્ર અને ઈન્કારના ખરાબ પરિણામનું વર્ણન છે.

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયતમાં ઈરશાદ છે وَاِلٰى ثَمُوْدَ اَخَاهُمْ صٰلِحًا તેમાંથી પ્રથમ કૌમે આદના ઉલ્લેખમાં વર્ણન થઈ ચૂક્યું છે કે, આદ અને ષમૂદ એક જ દાદાની અવલાદમાં બે વ્યક્તિઓના નામો છે, તેમની અવલાદ પણ તેમના નામથી જ ઓળખાઈ અને બે કૌમો બની ગઈ. એક કૌમ "કૌમે આદ" અને બીજી કૌમ "કૌમે ષમૂદ" કહેવાય છે. તેઓ અરબના ઉત્તર–પશ્ચિમમાં વસતા હતા અને તેમના મોટા શહેરનું નામ હિજ્ર હતું, જેને આજે મોટે ભાગે "મદાઈને સાલિહ" (અલૈ.)ના નામે ઓળખવામાં આવે છે. કૌમે આદની જેમ કૌમે ષમૂદ પણ માલદાર, શક્તિશાળી અને બહાદૂર કૌમ હતી તથા પથ્થરની શિલ્પકળામાં અને સ્થાપત્યકળામાં નિષ્ણાત હતી. ખુલ્લી જમીન ઉપર મોટા–મોટા મહેલો બનાવતા હતા, તદુપરાંત પહાડોને કોતરી–કોતરીને તેમાંથી અનેક પ્રકારની ઈમારતો બનાવતા હતા. "અરજુલ કુર્આન"માં મવલાના સય્યદ સુલયમાન સાહેબે લખ્યું છે કે, તેમના સ્થાપત્યના અવશેષો દુનિયામાં આજે પણ

જોવા મળે છે, તેના ઉપર "ઈરમિ" અને "ષમૂદી" લિપીમાં લખાણો કોતરેલા જોવા મળે છે.

દુનિયાની દોલત અને અય્યાશીઓનું પરિણામ મોટે ભાગે એ જ આવતું હોય છે કે, એવા લોકો અલ્લાહ અને આખિરતથી ગાફેલ થઈને ખોટા માર્ગો ઉપર ખોટા રવાડે ચઢી જાય છે. કૌમે ષમૂદની પણ એવી જ હાલત થઈ.

અલબત્ત, તેમનાથી અગાઉની કૌમ કૌમે નૂહ (અલૈ.)ના અઝાબના કિસ્સાનું વર્ણન હજુ સુધી દુનિયામાં ચર્ચાતું હતું અને તે ઉપરાંત તેમના ભાઈ એવી કૌમે આદના સર્વનાશના કિસ્સાઓ તો તાજા જ હતા, પરંતુ દોલત અને શક્તિના નશાની મદ્હોશીની ખાસિયત એ જ હોય છે કે, હજુ એક વ્યક્તિનો પાયો જમીનદોસ્ત થાય છે કે બીજો તેની માટીના ઢગલા ઉપર પોતાની ઈમારત ઊભી કરી લે છે અને પ્રથમ ઘટી ચૂકેલી ઘટનાને ભૂલી જાય છે. કૌમે આદની તબાહી અને સર્વનાશ પછી કૌમે ષમૂદ તેમના મકાનો અને જમીનોના વારસદાર બની ગયા અને તે જ સ્થળો ઉપર પોતાની અય્યાશીઓના મહેલો તા'મીર કર્યા, જેમાં તેમના ભાઈ હલાક થઈ ચૂક્યા હતા અને ઠીક તે જ અમલો અને પ્રવૃત્તિઓ શરૂ કરી દીધી જે કૌમે આદે કરી હતી કે અલ્લાહ અને આખિરતથી ગાફેલ થઈને શિર્ક અને મૂર્તિપૂજામાં લાગી ગયા. અલ્લાહ તઆલાએ પોતાની સુન્નતુલ્લાહ (અલ્લાહની ટેવના સાતત્ય) પ્રમાણે તેમની હિદાયત માટે હઝરત સાલિહ (અલૈ.)ને રસૂલ બનાવીને મોકલ્યા. સાલિહ (અલૈ.) વંશ અને વતનના આધારે કૌમે ષમૂદના જ એક વ્યક્તિ હતા, કારણ કે તેઓ પણ "સામ"ની અવલાદમાંથી જ હતા. આથી કુર્આને કરીમમાં તેમને કૌમે ષમૂદના ભાઈ કહ્યા છે. اَخَاهُمْ صَالِحًا હઝરત સાલિહ (અલૈ.)એ પોતાની કૌમને જે આમંત્રણ આપ્યું તે એ જ આમંત્રણ છે જે હઝરત આદમથી લઈને બધા જ અંબિયા (અલૈ.) આપતા ચાલ્યા આવે છે. જેમકે કુર્આનમાં છે وَلَقَدْ بَعَثْنَا فِىْ كُلِّ اُمَّةٍ رَسُوْلًا اَنِ اعْبُدُوا اللّٰهَ وَاجْتَنِبُوا الطَّاغُوْتَ એટલે કે, "અમે દરેક ઉમ્મતમાં એક રસૂલ મોકલ્યા કે તે એ માર્ગદર્શન આપે કે અલ્લાહની ઈબાદત કરો અને મૂર્તિપૂજાથી બચો." દરેક અગાઉ થઈ ચૂકેલા અંબિયા અલયહિમુસ્સલામની જેમ જ હઝરત સાલિહ (અલૈ.)એ પણ પોતાની કૌમને એ જ કહ્યું કે, અલ્લાહ તઆલાને પોતાનો પાલનહાર, સર્જનહાર અને

માલિક સમજો, તેના સિવાય કોઈ મઅ્બૂદ બનાવવાના પાત્ર નથી. ફરમાવ્યું, يٰقَوۡمِ اعۡبُدُوا اللّٰهَ مَا لَكُمۡ مِّنۡ اِلٰهٍ غَيۡرُهٗ

એની સાથે આ પણ ફરમાવ્યું, قَدۡ جَآءَتۡكُمۡ بَيِّنَةٌ مِّنۡ رَّبِّكُمۡ ط એટલે કે, હવે તો તમારા પરવરદિગાર પાસેથી ખુલ્લી નિશાની તમારી પાસે આવી પહોંચી છે. તે નિશાનીનો અર્થ એક આશ્ચર્યજનક ઊંટણી છે જેનું વર્ણન આ આયતમાં પણ છે અને કુર્આનની વિવિધ સૂરતોમાં તેની વધારે વિગત પ્રસ્તુત છે. તે ઊંટણીની ઘટના એ હતી કે, હઝરત સાલિહ (અલૈ.)એ પોતાની યુવાનીના કાળમાં પોતાની કૌમને તવહીદનું આમંત્રણ આપવાનું શરૂ કર્યું અને બરાબર તેમાં જ મંડી પડ્યા, એટલે સુધી કે વૃદ્ધાવસ્થાની નિશાનીઓ શરૂ થઈ ગઈ. હઝરત સાલિહ (અલૈ.)ના વારંવાર આગ્રહ કરવાથી તંગ આવીને તેમની કૌમે એ ઠરાવ્યું કે, તેમની પાસે કોઈ એવી માંગણી કરો જેને તેઓ પૂરી ન કરી શકે અને આપણે તેમનો વિરોધ કરવામાં સ્વતંત્ર થઈ જઈએ. માંગણી એ કરી કે, જો તમે વાસ્તવમાં અલ્લાહના રસૂલ છો તો અમારા ફલાણા પહાડ કે જેનું નામ ''કાતિબહ'' હતું, તેની અંદરથી એક એવી ઊંટણી કાઢી આપો જે દશ મહિનાનો ગર્ભ ધારણ કરેલ સ્થિતિમાં હોય અને મજબૂત તથા તંદુરસ્ત પણ હોય.

હઝરત સાલિહ (અલૈ.)એ પ્રથમ તેમની પાસેથી વચન લીધું કે, જો હું તમારી આ માંગણી પૂરી કરી આપું તો તમે બધા મારા ઉપર અને મારા આમંત્રણ ઉપર ઈમાન લાવજો. જ્યારે બધાએ કરાર કરી લીધો ત્યારે હઝરત સાલિહ (અલૈ.)એ બે રકા'ત નમાઝ પઢીને અલ્લાહ તઆલાથી દુઆ કરી કે, "હે પરવરદિગાર ! તારા માટે તો કોઈ કામ મુશ્કેલ નથી તું તેમની માંગણી સંતોષી દે." દુઆ કરતાંની સાથે જ પહાડની અંદર ધ્રુજારી ઉત્પન્ન થઈ અને તેની એક મોટી શીલા ફાટી અને તેમાંથી એક ઊંટણી એ જ પ્રમાણે નીકળી આવી જેની માંગણી કરવામાં આવી હતી.

હઝરત સાલિહ (અલૈ.)નો આ ખુલ્લો અને આશ્ચર્યજનક મોઅ્જિઝો જોઈને તેમનામાંથી ઘણા લોકો તો મુસલમાન થઈ ગયા અને બાકીની સમગ્ર કૌમે પણ ઈરાદો કરી લીધો કે ઈમાન લઈ આવે, પરંતુ કૌમના અમુક સરદારો જેઓ મૂર્તિઓના ખાસ પૂજારીઓ અને મૂર્તિપૂજાના ઈમામો હતા તેમણે તેમને

બહેકાવીને ઈસ્લામ સ્વીકાર કરવાથી અટકાવી દીધા. હઝરત સાલિહ (અલૈ.)એ જ્યારે જોયું કે કૌમે કરારભંગ કર્યો છે તો તેમને ભય લાગ્યો કે હવે તેમના ઉપર કોઈ અઝાબ આવી પડશે. આ ભયે તેમણે પોતાના પયગમ્બર હોવાના કારણે લાગણી અને તેમના પ્રત્યેના હેતના લીધે તેમને નસીહત કરી કે, આ ઊંટણીની હિફાઝત કરજો, તેને કોઈ તકલીફ નહીં પહોંચાડો તો કદાચ તમે અઝાબથી સુરક્ષિત રહેશો નહિતર તાત્કાલિક તમારા ઉપર અઝાબ આવી પડશે. આ જ વિષય પ્રસ્તુત આયતના આ વાક્યમાં રજૂ થયો છે, هٰـذِهٖ نَاقَةُ اللّٰهِ لَكُمْ اٰيَةً فَذَرُوْهَا تَـاْكُـلْ فِـىْۤ اَرْضِ الـلّٰـهِ وَلَا تَـمَسُّـوْهَا بِسُوْٓءٍ فَيَاْخُذَكُمْ عَذَابٌ اَلِيْمٌ એટલે કે, "આ અલ્લાહની ઊંટણી છે જે તમારા માટે દલીલ છે. બસ, તેને છોડી દો, તે અલ્લાહની જમીનમાં ખાતી (ચરતી) ફરે, તેને બુરાઈની સાથે હાથ ન લગાવો, નહિતર તમને દર્દનાક અઝાબ પકડી લેશે." એટલા માટે કહેવામાં આવ્યું કે, અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરતની નિશાની હઝરત સાલિહ (અલૈ.)ના મોઅ્જિઝા સ્વરૂપે આશ્ચર્યજનક રીતે ઉપસ્થિત થઈ હતી. تَـاْكُلْ فِىْۤ اَرْضِ اللّٰهِ માં એ તરફ ઈશારો છે કે, આ ઊંટણીના ખાવા–પીવામાં તમારી મિલકત અને તમારા ઘરમાંથી કંઈ જ ખર્ચ થતો નથી, જમીન અલ્લાહની છે, તેમાં ઉત્પન્ન થનાર વનસ્પતિ અને ઘાસચારો વગેરે પેદા કરનાર તે જ અલ્લાહ છે, તેની ઊંટણીને તેની જમીનમાં સ્વતંત્ર છોડી દો કે સાર્વજનિક ગૌચરમાં ચરતી રહે.

કૌમે ષમૂદ જે કૂવાઓમાંથી પાણી પીતા અને પીવડાવતા હતા, તેમાંથી જ આ ઊંટણી પણ પાણી પીતી હતી, પરંતુ આ આશ્ચર્યજનક સર્જન એવી ઊંટણી જ્યારે પાણી પીતી તો આખા કૂવાનું પાણી પી જતી હતી. હઝરત સાલિહ (અલૈ.)એ અલ્લાહ તઆલાના હુકમથી એ ફેંસલો કર્યો હતો કે, એક દિવસે આ ઊંટણી પાણી પીશે અને બીજા દિવસે કૌમના બધા લોકો પાણી લેશે અને જે દિવસે આ ઊંટણી પાણી પીશે તો બીજાઓને પાણીના બદલે આ ઊંટણીનું દૂધ એટલા જ પ્રમાણમાં મળી જતું હતું કે તે પોતાના બધા વાસણો તેનાથી ભરી લેતા હતા. કુર્આને કરીમમાં બીજે ઠેકાણે તેની વહેંચણીનું વર્ણન આ રીતે આવ્યું છે, وَنَبِّـئْهُمْ اَنَّ الْمَآءَ قِسْمَةٌۢ بَيْـنَهُمْ كُلُّ شِرْبٍ مُّحْتَضَرٌ (૫૪ : ૨૮) એટલે કે, હઝરત સાલિહ (અલૈ.) પોતાની કૌમને બતાવી આપે કે, કૂવાના પાણીની તેમની અને અલ્લાહની ઊંટણી વચ્ચે વહેંચણી થશે. એક દિવસ ઊંટણીનો અને બીજો દિવસ

સમગ્ર કૌમનો અને આ વહેંચણી ઉપર અલ્લાહ તઆલા તરફથી ફરિશ્તાઓની દેખરેખ રહેશે કે, કોઈ તેનો ભંગ ન કરી શકે અને એક બીજી આયતમાં ફરમાવવામાં આવ્યું છે કે, هٰـذِهٖ نَـاقَةٌ لَّهَـا شِـرْبٌ وَّلَـكُمْ شِـرْبُ يَـوْمٍ مَّعْـلُوْمٍ (૨૬:૧૫૫) એટલે કે, ‘‘આ અલ્લાહ તઆલાની ઊંટણી છે, એક દિવસે પાણીનો અધિકાર તેનો અને બીજા દિવસે પાણી તમારા માટે નક્કી થયેલ છે.’’

બીજી આયતમાં આ વાયદો ભૂલાવી બેઠેલી બળવાખોર કૌમની ભલાઈ ઈચ્છીને તેમને અલ્લાહના અઝાબથી બચાવવા માટે ફરી તેમને અલ્લાહ તઆલાના ઈનામો અને અહેસાનો યાદ અપાવ્યા કે, હજુ પણ આ લોકો પોતાની દુષ્ટતાથી અટકી જાય. એટલા માટે ફરમાવ્યું, وَاذْكُـرُوْٓا اِذْ جَعَلَكُمْ خُلَفَآءَ مِنْۢ بَعْدِ عَـادٍ وَّبَوَّاَكُمْ فِى الْاَرْضِ تَتَّخِذُوْنَ مِنْ سُهُوْلِهَا قُصُوْرًا وَّتَنْحِتُوْنَ الْجِبَالَ بُيُوْتًا ج તેમાં خُـلَـفَاءُ (ખુલફાઅ્) એ خَـلِيْفَـةُ (ખલીફહ)નું બહુવચન છે, જેનો અર્થ "નાયબ" અથવા તો "પ્રતિનિધિ" (Viceregent) થાય છે અને قُـصُوْر (કુસૂર) એ قَـصْـر (કસ્ર)નું બહુવચન છે. ઊંચી આલીશાન ઈમારત અને મહેલને "કસ્ર" કહેવામાં આવે છે. تَنْحِتُوْنَ (તનહિતૂન) એ نَحْت (નહ્ત)થી બનેલ શબ્દ છે, જેનો અર્થ છે "પથ્થરને કોતરવો" અથવા "શિલ્પકળા" અને جِبَـــالُ (જિબાલ) એ جَبَـــلُ (જબલ)નું બહુવચન છે, જેનો અર્થ "પહાડ" થાય છે. بُيُـوْتًـا (બુયૂતા) એ بَيْـت (બય્ત)નું બહુવચન છે, જે ઘરના ઓરડાઓ માટે બોલવામાં આવે છે. ભાવાર્થ એ છે કે, ‘‘અલ્લાહ તઆલાની તે નેઅ્મતને યાદ કરો કે તેણે કૌમે આદનો નાશ કરીને તેના સ્થળે તમને વસાવ્યા, તેમની જમીનો અને મકાનો તમારા કબ્જામાં આપી દીધા અને તમને એવી કળા શિખવાડી કે, ખુલ્લી જમીનોમાં મોટા–મોટા મહેલો બનાવી લો છો અને પહાડોને કોતરીને તેમાં ઓરડાઓ અને મકાનો બનાવી લો છો.’’ અંતિમ આયતમાં فَاذْكُرُوْٓا اٰلَآءَ اللّٰهِ وَلَا تَعْثَوْا فِى الْاَرْضِ مُفْسِدِيْنَ ફરમાવ્યું, એટલે કે ‘‘અલ્લાહ તઆલાની નેઅ્મતોને યાદ કરો અને તેનું અહેસાન માનો, તેનું આજ્ઞાપાલન કરો અને જમીનમાં ફસાદ ન ફેલાવતા ફરો.’’

હુકમો અને મસ્અલાઓ :

પ્રસ્તુત આયતોથી અમુક પાયાના સૈદ્ધાંતિક અને પેટા મસ્અલાઓની જાણ થાય છે.

(૧) પાયાના સૈદ્ધાંતિક અકીદાઓમાં બધા જ અંબિયા (અલૈ.) સહમત છે અને તેમની શરીઅતો એકમતે છે, બધા જ અંબિયા (અલૈ.) તવહીદના આમંત્રણ સાથે અલ્લાહની ઈબાદત કરવાનું આહ્‌વાન કરે છે અને તેનો વિરોધ કરવાથી દુનિયા અને આખિરતના અઝાબથી ડરાવે છે.

(૨) બધી જ પાછલી ઉમ્મતોમાં એવું થતું રહ્યું છે કે, કૌમોનો મોટા–મોટા દોલતમંદ ઈજ્જતદાર લોકોએ તેમની દા'વતનો અસ્વીકાર કર્યો અને તેના પરિણામે તેઓ દુનિયામાં પણ હલાક અને બરબાદ થઈ ગયા અને આખિરતમાં પણ અઝાબના હકદાર બન્યા.

(૩) તફસીરે કુર્તુબીમાં છે કે, આ આયતથી જાણ થઈ કે અલ્લાહ તઆલાની નેઅ્મતો દુનિયામાં કાફિરો ઉપર પણ ઊતરે છે, જેમકે કૌમે આદ અને ષમૂદ ઉપર અલ્લાહ તઆલાએ દોલત અને શક્તિના દરવાજા ખોલી આપ્યા હતા.

(૪) તફસીરે કુર્તુબીમાં છે કે, આ આયતથી જાણ થઈ કે મોટા–મોટા મહેલો અને આલીશાન મકાનોનું બાંધકામ પણ અલ્લાહ તઆલાની નેઅ્મત છે અને તેને બનાવવા જાઈઝ છે.

એ બીજી બાબત છે કે, અંબિયા અને અવલિયાઅ્ અલ્લાહે તેને એટલા માટે પસંદ નથી કર્યું કે, આવી વસ્તુઓ મનુષ્યને ગફલતમાં નાંખી દેનારી હોય છે. રસૂલે કરીમ ﷺ દ્વારા જે ઊંચી–ઊંચી ઈમારતો વિશે ફરમાનો નકલ થયા છે તે આ જ હેતુસર છે.

ત્રીજી અને ચોથી આયતમાં તે વાતચીત અને સંવાદનું વર્ણન કરવામાં આવ્યું છે જે કૌમે ષમૂદના બે જૂથો વચ્ચે થયો. એક તે જૂથ જે હઝરત સાલિહ (અલૈ.) ઉપર ઈમાન લઈ આવ્યું હતું અને બીજું ઈન્કારીઓ અને કાફિરોનું જૂથ. ઈરશાદ થયો, قَالَ الْمَلَاُ الَّذِيْنَ اسْتَكْبَرُوْ مِنْ قَوْمِهٖ لِلَّذِيْنَ اسْتُضْعِفُوْا لِمَنْ اٰمَنَ مِنْهُمْ એટલે કે, “કહ્યું કૌમે સાલિહ (અલૈ.)માંથી તે લોકોએ જેમણે અભિમાન કર્યું, તે લોકોને કે જેઓ હલકા અને અશક્ત સમજવામાં આવતા હતા, એટલે કે જેઓ ઈમાન લઈ આવ્યા હતા.”

ઈમામ રાઝી (રહ.)એ તફસીરે કબીરમાં ફરમાવ્યું છે કે, આ સ્થળે તે બે જૂથોની બે ખાસિયતો કુર્આને કરીને બતાવી પરંતુ કાફિરોની ખાસિયત اِسْتَكْبَرُوْا

(ઈસ્તકબરૂ)નો કર્તરી પ્રયોગ વાપરીને બતાવી અને મો'મિનોની ખાસિયત اُسْتُضْعِفُوْا (ઉસ્તુદઈફુ) કર્મણી પ્રયોગથી બતાવી. એમાં ઈશારો જોવા મળે છે કે, કાફિરોની એ હાલત કે તેઓ તકબ્બુર કરતા હતા એ પોતે તેમની પોતાની મરજીથી કરેલી પ્રવૃત્તિ હતી, જે પકડ કરવા યોગ્ય અને નિંદનીય હતી. પરિણામે તે અઝાબનું કારણ બની અને મો'મિનોની જે ખાસિયત આ લોકો વર્ણન કરતા હતા કે તેઓ તુચ્છ અને અશક્ત છે પરંતુ એ કાફિરોનું કહેવું છે, પોતે મો'મિનોની વાસ્તવિક પરિસ્થિતિ અને ખાસિયત એવી નથી કે તેમની હાલત ઉપર કોઈ નિંદા કરી શકાય, બલકે નિંદા તે લોકો ઉપર થાય છે કે જેઓ વિના કારણે તેમણે હલકા અને કમજોર કહે તથા સમજે છે. આગળ તે સંવાદ જે તે બે જૂથો વચ્ચે થયો, એ છે કે, "કાફિરોએ મો'મિનોને કહ્યું કે શું તમે વાસ્તવિકતા જાણો છો કે હઝરત સાલિહ (અલૈ.) પોતાના પરવરદિગાર તરફથી મોકલવામાં આવેલા રસૂલ છે ?"

મો'મિનોએ જવાબ આપ્યો કે, "જે હિદાયતો અલ્લાહ તઆલા તરફથી તેમને આપીને મોકલવામાં આવ્યા છે અમે બધા તેના ઉપર યકીન અને ઈમાન રાખીએ છીએ."

તફસીરે કશ્શાફમાં છે કે, કૌમે ષમૂદના મો'મિનોએ કેવો ઉચ્ચ કક્ષાનો જવાબ આપ્યો છે કે, તમે જે ચર્ચામાં પડ્યા છો કે તેઓ રસૂલ છે અથવા નહીં ? એ વાત તો ચર્ચાનો મુદ્દો જ નથી બલકે, એ તો ચોક્કસ અને અત્યંત વિશ્વાસપૂર્વક નક્કી બાબત છે અને એ પણ નક્કી છે કે, તેઓ જે કંઈ પણ ફરમાવે છે તે અલ્લાહ તરફથી લાવેલો સંદેશ છે. વાત કંઈ હોઈ શકે છે તો તે એ કે, કોણ તેમના ઉપર ઈમાન લાવે છે અને કોણ નથી લાવતું ? બસ, અમે તો અલ્હમ્દુલિલ્લાહ તેમની લાવેલી બધી હિદાયતો ઉપર ઈમાન રાખીએ છીએ.

પરંતુ તેમના આ ઉચ્ચ કક્ષાના જવાબ ઉપર પણ કૌમે તે જ બળવાખોર વલણ અપનાવ્યું કે, "જે વસ્તુ ઉપર તમે ઈમાન લાવો છો અમે તો તેના ઈન્કારી છીએ." દુનિયાની મહોબ્બત, દોલત તથા શક્તિના નશાથી અલ્લાહ તઆલા સુરક્ષિત રાખે કે તે મનુષ્યની આંખોનો પડદો બની જાય છે અને માનવી વાસ્તવિક વસ્તુઓનો પણ ઈન્કાર કરવા લાગે છે.

સૂરએ અઅ્રાફ : આયત નં. ૭૭–૭૮–૭૯

فَعَقَرُوا النَّاقَةَ وَعَتَوْا عَنْ اَمْرِ رَبِّهِمْ وَقَالُوْا يٰصٰلِحُ ائْتِنَا بِمَا تَعِدُنَآ اِنْ
كُنْتَ مِنَ الْمُرْسَلِيْنَ ﴿٧٧﴾ فَاَخَذَتْهُمُ الرَّجْفَةُ فَاَصْبَحُوْا فِيْ دَارِهِمْ جٰثِمِيْنَ ﴿٧٨﴾
فَتَوَلّٰى عَنْهُمْ وَقَالَ يٰقَوْمِ لَقَدْ اَبْلَغْتُكُمْ رِسَالَةَ رَبِّيْ وَنَصَحْتُ لَكُمْ وَلٰكِنْ لَّا
تُحِبُّوْنَ النّٰصِحِيْنَ ﴿٧٩﴾

તરજુમો :

પછી તેમણે ઊંટણીને કાપી નાંખી અને પોતાના પરવરદિગારના હુકમથી ફરી ગયા અને બોલ્યા, હે સાલિહ (અલૈ.) ! અમારા ઉપર લઈ આવ જેનાથી તું અમને ડરાવતો હતો જો તું રસૂલ છે. (૭૭) બસ તેમને ધરતીકંપે આવી પકડયા, પછી સવારના (સમયે) પોતાના ઘરમાં ઊંધા પડેલા રહી ગયા. (૭૮) પછી સાલિહ (અલૈ.) તેમનાથી ઊલટા ફર્યા અને બોલ્યા, હે મારી કોમ ! હું તમને પોતાના પરવરદિગારનો પયગામ પહોંચાડી ચૂક્યો અને તમારી ભલાઈ ઈચ્છી પરંતુ તમને ભલું ઈચ્છનારાઓ સાથે મહોબ્બત નથી. (૭૯)

તફસીર :

મતલબ કે (આ કોમના લોકો ન તો સાલિહ અલૈ. ઉપર ઈમાન લાવ્યા અને ન જ ઊંટણીના હકો અદા કર્યા, બલકે) આ ઊંટણીને (પણ) મારી નાંખી અને પોતાના પરવરદિગારના હુકમ (માનવા)થી (પણ) સરકશી કરી (તે હુકમ તવહીદ અને રિસાલતના અકીદહનો હતો) અને (ઉપરથી એ ગુસ્તાખી કરી કે) કહેવા લાગ્યા કે, હે સાલિહ (અલૈ.) ! જે (અઝાબ)ની તમે અમને ધમકી આપતા હતા તેને મંગાવી લો જો તમે પયગમ્બર છો ! (કારણ કે, પયગમ્બરનું સાચું હોવું જરૂરી છે) બસ, તેમને ધરતીકંપે પકડી લીધા જેથી તેઓ પોતાના ઘરોમાં જ ઊંધા પડીને રહી ગયા, તે સમયે (હઝરત) સાલિહ (અલૈ.) તેમનાથી મોઢું ફેરવી ચાલ્યા અને (અફસોસ સાથે સંબોધન કરીને) કહ્યું કે, હે મારી કોમ ! હું તો તમને

પોતાના પરવરદિગારનો હુકમ પહોંચાડી ચૂક્યો હતો (જેના ઉપર અમલ કરવો સફળતાનું કારણ હતું) અને મેં તમારી (ઘણી) ભલાઈ ઈચ્છી (કે કોઈપણ પ્રકારે હમદર્દીથી સમજાવું) પરંતુ (અફસોસ તો એ છે કે) તમે લોકો (પોતાના) શુભેચ્છકોને પસંદ જ કરતા ન હતા ! (એટલા માટે કહ્યું સાંભળ્યું જ નહીં અને આખરે આ ખરાબ દિવસ જોયો !)

વિસ્તૃત તફસીર :

પાછલી આયતોમાં આવી ચૂક્યું છે કે, હઝરત સાલિહ (અલૈ.)ની દુઆથી પહાડની એક મોટી શીલા ફાટીને તેમાંથી એક આશ્ચર્યજનક ઊંટણી ઉપસ્થિત થઈ હતી. અલ્લાહ તઆલાએ તે ઊંટણીને પણ તે કૌમ માટે અંતિમ કસોટી એ પ્રમાણે બનાવી દીધી હતી કે જે કૂવામાંથી સમગ્ર વસ્તીના લોકો અને તેમના ઢોરો પાણી મેળવ્યા કરતા હતા, આ ઊંટણી તે કૂવાનું બધું પાણી પી જતી હતી. એટલા માટે હઝરત સાલિહ (અલૈ.)એ તેમના માટે વારો નક્કી કરી રાખ્યો હતો કે એક દિવસ આ ઊંટણી પાણી પીએ અને બીજા દિવસે વસ્તીવાળા પાણી મેળવે.

કૌમે ષમૂદ આ ઊંટણીના કારણે એક મુસીબતમાં સપડાય ગયા હતા અને એવું ઈચ્છતા હતા કે કોઈપણ રીતે તે હલાક થઈ જાય, પરંતુ પોતે એવી હરકત કરવાથી ડરતા હતા કે કદાચ અલ્લાહ તઆલાનો અઝાબ આવી જશે.

શયતાનનો સૌથી મોટો ધોકો જેમાં સપડાઈને મનુષ્ય પોતાની બુદ્ધિ અને સમજદારી ખોઈ બેસે છે તે સ્ત્રીનો ફિત્નો છે. કૌમની બે ખૂબસૂરત સ્ત્રીઓએ શરત લગાવી કે જે વ્યક્તિ આ ઊંટણીને મારી નાંખશે તેના માટે અમારી છોકરીઓમાંથી તે જેને ઈચ્છશે તે તેની છે.

કૌમના બે નવયુવાનો મિસ્દઅ્ અને કજાર આ નશામાં મદહોશ થઈને એ ઊંટણીને કતલ કરવા માટે નીકળ્યા અને ઊંટણીના રસ્તામાં એક પથ્થરની શીલા નીચે સંતાઈને બેસી ગયા. જ્યારે ઊંટણી સામે આવી તો મિસ્દએ તીરથી હુમલો કર્યો અને કજારે તલવારથી તેના પગ કાપી તેને કતલ કરી નાંખી.

કુર્આને કરીમે તેને જ કૌમે ષમૂદનું સૌથી મોટું ધૃણાસ્પદ કૃત્ય અને બદ્નસીબી ઠરાવી દીધી. اِذِ انْبَعَثَ اَشْقٰهَا (૯૧ : ૧૨) "જ્યારે તેમનામાંથી એક

ખૂબ જ શકી (બદ્‌નસીબ) વ્યક્તિને (તેને મારી નાંખવા માટે) મોકલ્યો.'' કારણ કે તેના લીધે સમગ્ર કોમ અઝાબમાં સપડાઈ ગઈ.

હઝરત સાલિહ (અલૈ.)એ ઊંટણીને મારી નાંખવાની ઘટનાની જાણ થયા પછી કૌમને અલ્લાહનો હુકમ બતાવ્યો કે, હવે તમારી જિંદગીના ફક્ત ત્રણ દિવસો બાકી છે, فَتَمَتَّعُوْا فِىْ دَارِكُمْ ثَلٰثَةَ اَيَّامٍ ذٰلِكَ وَعْدٌ غَيْرُ مَكْذُوْبٍ એટલે કે, ત્રણ દિવસ પોતાના ઘરોમાં આરામ કરી લો (ત્યારબાદ અઝાબ આવવાનો છે) અને આ વાયદો સાચો છે, તેનાથી ઊલટું થવાની કોઈ શક્યતા નથી. પરંતુ જે કૌમનો સમય ખરાબ થઈ જાય છે તેને કોઈપણ બોધપાઠ કે ચેતવણી કામ લાગી શકતી નથી. હઝરત સાલિહ (અલૈ.)ના આ ઈરશાદની પણ આ બદ્‌નસીબ લોકોએ મજાક ઉડાવવાની શરૂ કરી અને કહેવા લાગ્યા કે આ અઝાબ કેવો અને ક્યાંથી આવશે ? અને તેની નિશાની શું હશે ?

હઝરત સાલિહ (અલૈ.)એ ફરમાવ્યું કે, લો ! અઝાબની નિશાની પણ સાંભળી લો, કાલે જુમેરાતના દિવસે તમારા બધાના ચહેરા સખત પીળા થઈ જશે. પુરુષ અને સ્ત્રી, બાળકો અને વૃદ્ધો કોઈ તેમાંથી બાકાત નહીં રહે અને પછી પરમ દિવસે જુમ્આના દિવસે બધાના ચહેરા સખત લાલ થઈ જશે અને ત્યાર પછી શનિવારના દિવસે સૌના ચહેરા સખત કાળા થઈ જશે અને આ દિવસ તમારી જિંદગીનો અંતિમ દિવસ હશે. બદ્‌નસીબ કૌમે એવું સાંભળીને તેનાથી તવબહ અને ઈસ્તિગફાર તરફ કેન્દ્રિત થવાના બદલે એવો નિર્ણય કર્યો કે હઝરત સાલિહ (અલૈ.)ની હત્યા કરી નાંખવામાં આવે. કારણ કે, જો આ સાચું છે અને આપણા ઉપર અઝાબ આવવાનો જ છે તો શા માટે આપણે તેનું કામ તમામ ન કરવું જોઈએ ? અને જો તેઓ જૂઠા છે તો તેઓ પોતાના જૂઠની સજા ભોગવે. કૌમનો આ ઈરાદો કુર્આનના વર્ણનમાં બીજી જગ્યાએ વિગત સાથે મોજૂદ છે. કૌમના આ સર્વસહમત ફેંસલા પ્રમાણે અમુક લોકો રાત્રે હઝરત સાલિહ (અલૈ.)ના મકાન ઉપર તેમની હત્યા કરવાના ઈરાદાથી ગયા, પરંતુ અલ્લાહ તઆલાએ માર્ગમાં જ તેમના ઉપર પથ્થર વરસાવીને તેમને હલાક કરી નાંખ્યા. وَمَكَرُوْا مَكْرًا وَّمَكَرْنَا مَكْرًا وَّهُمْ لَا يَشْعُرُوْنَ (૨૭ : ૫૦) એટલે કે, ''તેમણે પણ એક ગુપ્ત યુક્તિ કરી અને અમે પણ એવી તદ્‌બીર કરી કે તેમને ખબર પણ ન થઈ.'' જ્યારે જુમેરાતની સવાર થઈ તો હઝરત સાલિહ (અલૈ.)ના કહેવા પ્રમાણે

બધાના ચહેરા એવા પીળા થઈ ગયા જેમકે, કોઈએ ઘેરો પીળો રંગ ચોપડી દીધો હોય. અઝાબની પ્રથમ નિશાની સાચી ઠર્યા પછી પણ જાલિમોનું એ તરફ કોઈ ધ્યાન ન ગયું કે અલ્લાહ તઆલા ઉપર ઈમાન લાવે અને પોતાની દુષ્ટતાથી અટકી જાય બલકે, તેમનો ગુસ્સો અને ક્રોધ હઝરત સાલિહ (અલૈ.) ઉપર વધી ગયો અને સમગ્ર કૌમ તેમની હત્યા કરવાની ફિકરમાં ફરવા લાગી. અલ્લાહ તઆલા પોતાના ગુસ્સાથી બચાવે ! તેની પણ નિશાનીઓ હોય છે કે દિલ અને દિમાગ આંધળા થઈ જાય છે, નફાને નુકસાન અને નુકસાનને નફો, સારાને ખરાબ અને ખરાબને સારું સમજવા લાગે છે.

અંતે બીજો દિવસ આવ્યો તો આગાહી પ્રમાણે બધાના ચહેરા લાલ રંગના થઈ ગયા અને ત્રીજા દિવસે સખત કાળા થઈ ગયા. હવે તો એ બધા જ પોતાની જિંદગીથી હતાશ થઈને રાહ જોવા લાગ્યા કે અઝાબ કઈ બાજુથી અને કેવી રીતે આવે છે ?

એ જ હાલતમાં જમીનમાં એક ભયંકર ધરતીકંપ આવ્યો અને ઉપરથી ભયાનક અવાજ અને સખત ઘરેરાટી સંભળાઈ જેમાં બધા જ એકી સાથે બેઠાં–બેઠાં જ ઊંધા પડીને મરી ગયા. ધરતીકંપનું વર્ણન તો આ આયતમાં મોજૂદ છે, જે ઉપર પ્રસ્તુત થઈ છે. فَاَخَذَتْهُمُ الرَّجْفَةُ તેમાં رَجْفَةُ (રજફહ)નો અર્થ "ધરતીકંપ" થાય છે.

અને બીજી આયતોમાં اَخَذَتْهُمُ الصَّيْحَةُ (૧૫ : ૮૩) પણ આવ્યું છે. તેમાં صَيْحَةُ (સયૂહહ્)નો અર્થ "એક સખત ભયાનક અવાજ" અથવા "ઘરેરાટી" થાય છે. બંને આયતોથી જાણ થઈ કે, આ બંને પ્રકારનો અવાજ સંયુક્ત રીતે આવ્યો હતો. જમીનમાં ધરતીકંપ અને ઉપરથી صَيْحَةُ (સયૂહહ્) જેનું પરિણામ એ આવ્યું કે, فَاَصْبَحُوْا فِىْ دَارِهِمْ جٰثِمِيْنَ માં جٰثِمِيْنَ (જાષિમીન)નું ક્રિયાપદ جُثُوْم (જુષૂમ) છે, જેનો અર્થ છે "વિના હલન–ચલન કર્યે એક જગ્યાએ પડી રહેવું અથવા બેસી રહેવું." (કામૂસ) અર્થ એ છે કે, જે જેવી પરિસ્થિતિમાં હતો તેવો જ ઢગલો વળી ગયો. نَعُوْذُ بِاللّٰهِ مِنْ قَهْرِهٖ وَعَذَابِهٖ આમીન.

કૌમે ષમૂદના આ કિસ્સાના મહત્ત્વના વિભાગો તો પોતે કુર્આને કરીમની વિવિધ સૂરતોમાં પ્રસ્તુત છે અને અમુક વિભાગો હદીષમાં વર્ણન થયા છે. અમુક

તે પણ છે જે વિવરણકારોએ ઈસ્રાઈલી રિવાયતોના આધારે લીધા છે પરંતુ તેના ઉપર કોઈ ઘટના અથવા વાસ્તવિકતાની સાબિતીનો આધાર નથી.

સહીહ બુખારીની એક હદીષમાં છે કે, ''ગઝ્વએ તબૂકની મુસાફરીમાં રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.) એક એવા حِجْر (હિજ્ર) નામના સ્થળેથી પસાર થયા જ્યાં કૌમે ષમૂદ ઉપર અઝાબ આવ્યો હતો ત્યારે આપ ﷺએ સહાબએ કિરામ (રદિ.)ને હિદાયત કરી કે, આ અઝાબ ખાધેલી વસ્તીની જમીનમાં કોઈ અંદર ન જાય અને કોઈ તેના કૂવાના પાણીનો ઉપયોગ ન કરે.'' *(મઝહરી)*

અમુક રિવાયતોમાં છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, ''કૌમે ષમૂદ ઉપર જ્યારે અઝાબ આવ્યો તો તેમનામાં અબૂ રિગાલ નામના વ્યક્તિ સિવાય કોઈ બચી ન શક્યું. આ વ્યક્તિ તે સમયે મક્કાના હરમમાં પહોંચ્યો હતો. અલ્લાહ તઆલાએ મક્કાના હરમના સન્માનના કારણે તે સમયે તેને અઝાબથી બચાવી લીધો અને જ્યારે હરમમાંથી બહાર નીકળ્યો તો તે જ અઝાબ જે તેની કૌમ ઉપર આવ્યો હતો તેના ઉપર પણ આવી ગયો અને ત્યાં જ હલાક થઈ ગયો. આપ ﷺએ લોકોને મક્કા બહાર અબૂ રિગાલની કબરની નિશાની પણ બતાવી અને એ પણ ફરમાવ્યું કે તેની સાથે એક સોનાની લાકડી પણ દફન થઈ ગઈ હતી. સહાબાએ કિરામ (રદિ.)એ કબર ખોલી તો સોનાની લાકડી મળી, તેને કાઢવામાં આવી. આ રિવાયતમાં એ પણ છે કે તાઈફના નિવાસી બનૂ ષકીફ આ જ અબૂ રિગાલની અવલાદ છે.'' *(મઝહરી)*

આ અઝાબ પામી ચૂકેલ કૌમોની વસ્તીઓને અલ્લાહ તઆલાએ આવનારી પેઢીઓ માટે બોધપાઠ ગ્રહણ કરવાના સ્થાન તરીકે કાયમ રાખ્યું છે અને કુર્આને કરીમે અરબના લોકોને વારંવાર એવી તાકીદ કરી છે કે, તમારા સિરીયાના મુસાફરીના માર્ગમાં આ સ્થળો આજે પણ બોધપાઠ ગ્રહણ કરવાના સ્થાનકો બનીને ઊભા છે. لَمْ تُسْكَنْ مِّنْۢ بَعْدِهِمْ اِلَّا قَلِيْلًا ''(આ તે બદ્નસીબ લોકોના રહેઠાણો છે, અમે તેમનો નાશ કર્યો) જેમના પછી ઘણા થોડા લોકો સિવાય કોઈ વસ્યું નથી.'' (૨૮ : ૫૮)

કૌમે સાલિહ (અલૈ.)ના અઝાબની ઘટનાના અંતમાં ઈરશાદ થયો કે,

فَتَوَلّٰى عَنۡهُمۡ وَقَالَ يٰقَوۡمِ لَقَدۡ اَبۡلَغۡتُكُمۡ رِسَالَةَ رَبِّىۡ وَنَصَحۡتُ لَـكُمۡ وَلٰـكِنۡ لَّا تُحِبُّوۡنَ النّٰصِحِيۡنَ

કૌમ ઉપર અઝાબ નાઝિલ થયા પછી હઝરત સાલિહ (અલૈ.) અને તેમના ઉપર ઈમાન લાવનારા મો'મિનો પણ આ સ્થળને છોડીને કોઈ અન્ય ઠેકાણે ચાલ્યા ગયા. અમુક રિવાયતોમાં છે કે, હઝરત સાલિહ (અલૈ.) સાથે ચાર હજાર મો'મિનો હતા. તે બધાને લઈને યમનના વિસ્તાર "હજ્રેમૌત"માં ચાલ્યા ગયા અને ત્યાં જ હઝરત સાલિહ (અલૈ.)ની વફાત થઈ અમુક રિવાયતોથી તેમના મક્કએ મુઅજ્જમહ ચાલ્યા જવાની અને ત્યાં જ વફાત થવાની જાણ થાય છે.

દેખીતી વાક્યરચનાથી જાણ થાય છે કે, હઝરત સાલિહ (અલૈ.)એ ચાલતી વખતે પોતાની કૌમને સંબોધીને ફરમાવ્યું કે, "હે મારી કૌમ ! મેં તમને પોતાના પરવરદિગારનો સંદેશ પહોંચાડી દીધો અને મેં તમારી ભલાઈ કરી પરંતુ અફસોસ તમે શુભચિંતકોને પસંદ જ નથી કરતા."

અત્રે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, જ્યારે સમગ્ર કૌમ અઝાબથી હલાક થઈ ચૂકી તો હવે તેમને સંબોધન કરવાનો શું લાભ ? જવાબ એ છે કે, એક લાભ તો એ હોઈ શકે છે કે, તેનાથી લોકોને બોધપાઠ મળે અને આ સંબોધન એવું જ છે જેમકે, રસૂલે કરીમ ﷺએ ગઝ્વએ બદ્રમાં મૃત્યુ પામેલા કુરૈશના મુશ્રિકોને સંબોધન કરીને અમુક શબ્દો કહ્યા હતા અને એ પણ શક્ય છે કે, હઝરત સાલિહ (અલૈ.)નું આ સંબોધન અઝાબ નાઝિલ થતાં પહેલાં અને કૌમ નાશ પામતાં પહેલાં થયું હોય, જો કે વર્ણનમાં પાછળથી ઉલ્લેખ થયેલ છે.

વધુ વિગતે વાંચવા માટે મઆરિફુલ કુર્આન ગુજરાતીનો ભાગ–૪ વાંચો.

www.maarifulquran-gujarati.com Hazrat Maulana Mufti Muhammad Shafi sa. (R.A.) Translator: Ilyas Patel (Kharod) Publisher: Hazrat Maulana Ismail Bhula sa. Mohtamim: Jamiatul Banat, Tankaria